અરજી નં.૩૫૧,૩૫૫,૩૫૬/ તા.૨૦-૨-૦૯

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ-

**વિષય:**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ અરજીથી અપીલ નં.૩૫૧ તા.૧૩-૧-૦૯ થી સૈયદપુરા માર્કેટથી પમ્પીંગ સ્ટેશનના રોડ ઉપર આવેલ અસારવા હોસ્પિટલની લાઈનમાં વોર્ડ નં.૭/૨૭૭૯ ની બાજુમાં, અપીલ નં.૩૫૫માં તા.૨-૨-૦૯ ની રામપુરા, ટુંકી વોર્ડ નં.૭ સવેરા એપા.ની સામે ધોબીની વાડીમાં અજમેરી પાર્ક, અપીલ નં.૩૫૬માં તા.૨૭-૧-૦૯ થી અરજી અન્વયે વોર્ડ નં.૭/૩૬૧૯ ની બાજુમાં ચાલતાં નવા બાંધકામ બાબતે સદર સ્થળ જગ્યાનો સર્વે નંબર કોના નામે અને કઈ તારીખે પાસ થયું અને કયા અધિકારીએ પાસ કર્યુ તેના તથા આર્કીટેકના નામ સરનામાંની માહિતી, સદર બાંધકામમાં એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? કેટલી? બાંધકામમાં બિલ્ટઅપ એરિયા કેટલો? વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૦-૨-'૦૯ ની અપીલ અરજી નં.૩૫૧,૩૫૫,૩૫૬/૨૦૦૮-૦૯

શ્રી ગુલામભાઈ મેમણ અરજીથી અપીલ નં.૩૫૧ તા.૧૩-૧-૦૯ થી સૈયદપુરા માર્કેટથી પમ્પીંગ સ્ટેશનના રોડ ઉપર આવેલ અસારવા હોસ્પિટલની લાઈનમાં વોર્ડ નં.૭/૨૭૭૯ ની બાજુમાં, અપીલ નં.૩૫૫માં તા.૨-૨-૦૯ ની રામપુરા, ટુંકી વોર્ડ નં.૭ સવેરા એપા.ની સામે ધોબીની વાડીમાં અજમેરી પાર્ક, અપીલ નં.૩૫૬માં તા.૨૭-૧-૦૯ થી અરજી અન્વયે વોર્ડ નં.૭/૩૬૧૯ ની બાજુમાં ચાલતાં નવા બાંધકામ બાબતે સદર સ્થળ જગ્યાનો સર્વે નંબર કોના નામે અને કઈ તારીખે પાસ થયું અને કયા અધિકારીએ પાસ કર્યુ તેના તથા આર્કીટેકના નામ સરનામાંની માહિતી, સદર બાંધકામમાં એલાઈમેન્ટ અને પાર્કીગની જગ્યા છોડી છે ખરી? કેટલી? બાંધકામમાં બિલ્ટઅપ એરિયા કેટલો? વિગેરેની માહિતી આપવા બાબતે જે જગ્યાની માહિતી માંગેલી તેની આજુ બાજુનો સર્વે નંબર અને સ્થળ સહિતની જગ્યા લોકેશન તમામ બરાબર આપ્યા છતાં ચોકકસ મિલ્કત નંબર જણાવ્યાથી માહિતી આપી શકાય તેવા પાઠવેલ જવાબના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦-૨-૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની ત્રણેય અલગ અરજી અને અપીલ હેઠળ બાજુની કે સામેની મિલ્કતની માહિતી માંગેલ છે. તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કાર માટે સરખું કારણ જણાવેલ હોઈ અપીલ તબકકે ત્રણેય અરજીનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીઓના અનુસંધાને અનુક્રમે મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૪,૧૧૬૮, ૧૧૮૪ તા.૭-૩-૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.અરજદારે પણ કલમ-૧૯(૧) તથા નિયમ-૬ ની જોગવાઈઓ જોતાં ચોકકસ માહિતી માંગવાની બાબત પર ભાર મુકાયેલ છે અને તેવી સ્પષ્ટ વિગતો અપીલમાં આપવાની રહે છે પરંતુ નિર્દિષ્ટ મિલ્કત જેને માટે માહિતી જોઈએ છે તે પુરી પાડેલ જણાતી નથી.

અરજદારની તા. ૧૩-૧-૦૯, તા.૨-૨-૦૯ અને તા.૨૭-૧-૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ નથી. અને અરજદારને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવો પ્રત્યુત્તર અનુક્રમે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૩૮૬, ૧૩૮૪,૧૩૮૫ તા.૧૧-૨-૦૯ થી પત્ર પાઠવવામાં આવેલા છે. જેના અનુસંધાને અરજદારે ચોકકસ સર્વે નંબર અને સથળ સહિત જગ્યા લોકેશન બરાબર આપવા છતાં અમોને માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજુઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ-૪(૧) (સી) અને (ડી) લોકોને અસર કર્તા નિર્ણયો જાહેર કરતી વખતે જાહેર સત્તા મંડળ સબંધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવાની રહે છે. વહીવટી તથા અર્ધ અદાલતી નિર્ણયો માટે કારણો આપવા જોઈશે. તેવી જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી કે અપીલના તબકકે તેના અમલી કરણની કોઈ વિગતો પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. વધુમાં દેખરેખ અને નિયંત્રણ સત્તાની કક્ષાએ તેવી બાબતોની દફતર નિભાવણી કરવાની રહે છે. કાયદાની કલમ-૨૫ હેઠળ તેનું હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે પણ ભાર મુકાયેલ છે. તે ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી આપી શકાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા. ૧૩-૧-૦૯, તા.૨-૨-૦૯ અને તા.૨૭-૧-૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અને અરજદારને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે કલમ-૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ-૭(૬) હેઠળ વિના મુલ્યે માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૩ -૦૯.

ડે.*કમિશનર(જનરલ),*
અને *એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,